પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૩ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## લડાખ સરહદે ભારત-ચીન વચ્ચે તંગદિલી

**સૈનિકો વચ્ચે ધક્કામુક્કી : પેંગોન્ગ લેકમાં ભારતીય જવાનોના પેટ્રોલિંગ ઉપર ચીને વાંધો ઉઠાવતા વિવાદ વધ્યો : ચીન બોર્ડર પર ભારતીય સેના ઓક્ટોબરમાં મોટો યુદ્ધાભ્યાસ કરશે : કલાકો સુધી ઝપાઝપી થયા બાદ પ્રતિનિધિસ્તરની વાતચીત થયા પછી સ્થિતી હળવી કરવા પ્રયાસો : જુદા જુદા મુદ્દા-માન્યતાને લઇને વારંવાર ઝપાઝપી**



નવી દિલ્હી,તા. ૧૨

અંકુશ રેખા અને સરહદ પર ચીન દ્વારા તેના ઉશ્કેરણીજનક કૃત્યો જારી રાખવામાં આવ્યા છે. હવે ભારત અને ચીનના જવાનો ફરી એકવાર આમને સામને આવ્યા બાદ તેમની વચ્ચેજોરદાર ઝપાઝપી થઇ હતી. પૂર્વીય લડાખમાં બંને દેશોના જવાનો આમને સામને આવી ગયા હાદ તેમની વચ્ચે કલાકો સુધી ઝપાઝપી થઇ હતી. જેના કારણે સ્થિતી વિસ્ફોટક બની હતી. જો કે ત્યારબાદ તરત જ સ્થિતીને હળવી કરવાના પ્રયાસો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે બેઠકો યોજાઇ હતી. સુત્રોના કહેવા મુજબ ભારત અને ચીનના જવાનો વચ્ચે કલાકો સુધી આવી ઝપાઝપી ચાલી હતી. આ ઘટના ૧૩૪ કિલોમીટર લાંબા પેગોંગ સરોવરના ઉત્તરીય કિનારા પર થઇ હતી. જેના એક તૃતિયાશ હિસ્સા પર ચીન અંકુશ ધરાવે છે. જો કે ત્યારબાદ સ્થિતી ખરાબ થયા પછી બંને પક્ષો વચ્ચે પ્રતિનિધીમંડળ સ્તરની વાતચીત યોજાઇ હતી. જેથી સ્થિતી સામાન્ય બની હતી. ભારતીય જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ જ ગાળા દરમિયાન તેમનો સામનો ચીની જવાનો સાથે થયો હતો. ચીનની પીપલ્સ લિબ્રેશન આર્મીના જવાનોએ ઉશ્કેરણીજનક કૃત્ય કર્યુ હતુ. ચીની જવાનોએ વિસ્તારમાં ભારતીય જવાનોની હાજરી સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ બંને પક્ષોના જવાનો વચ્ચે ઝપાઝપી શરૂ થઇ ગઇ હતી. ઝપાઝપી અને ધક્કામુક્કી શરૂ થઇ ગયા બાદ બંને દેશોના વધારાના જવાનો સરહદ પર ગોઠવાઇ ગયા હતા. મોડી રાત સુધી સંઘર્ષની સ્થિતી રહી હતી. સેનાએ સંપર્ક કરવામાં આવતા કહ્યુ હતુ કે સ્થિતી સામાન્ય બનાવી દેવામાં આવી છે. મોડેથી તંગદીલીને ઘટાડી દેવા માટે સ્થાપિત રહેલી દ્વિપક્ષીય વ્યવસ્થા હેઠળ બંને પક્ષો વચ્ચે બ્રિગેડિયર સ્તરની વાતચીત યોજવામાં આવી હતી. જેમાં બંને દેશોના ટોપ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે લાઇન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલની સ્થિતીને લઇને બંને પક્ષોની જુદી જુદી માન્યતા અને

● અનુસંધાન પાન-૭ પર

## નવા ટ્રાફિક કાયદાનો એક કરતાં વધુ ભાજપ શાસિત રાજ્યોનો વિરોધ

**ઉત્તરાખંડ, ગુજરાત જેવા રાજ્યોએ દંડમાં ઘટાડો કર્યો**



ન્યુ દિલ્હી,તા.૧૨

એક દેશ એક કાયદોનું સૂત્ર આપનારી ભાજપની કેન્દ્ર સરકારે જાતે ઘડેલો નવો ટ્રાફિકનો કાયદો ખુદ કેન્દ્ર સરકાર માટે માથાનો દુ:ખાવો બની રહે એવી શક્યતા જણાતી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના ગુજરાત રાજ્યથીજ કડક દંડનો વિરોધ થયો હતો અને એક કરતાં વધુ રાજ્યોએ નવા ટ્રાફિક રૂલ્સનો વિરોધ કર્યો હતો.

પહેલી સપ્ટેંબરથી અમલમાં આવેલા ટ્રાફિકના નવા કાયદા હેઠળ અત્યાર સુધીમાં હજારો લોકોને દંડ કરવામાં આવ્યો. દરમિયાન કેટલીક રાજ્ય સરકારો સાવધ થઇ ગઇ અને પોતપોતાનાં રાજ્યોમાં દંડની રકમ ઘટાડી નાખી. એવા રાજ્યોમાં ભાજપ શાસિત રાજ્યોજ મોખરે છે. ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ એક પત્રકાર પરિષદમાં ટ્રાફિકના કાયદાનો ભંગ કરનારાને સજા રૂપે કેન્દ્રે નક્કી કરેલા દંડમાં સીધો નેવું ટકા ઘટાડો કરી નાખ્યો હતો.

મૂળ તો જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી તોળાઇ રહી છે

● અનુસંધાન પાન-૭ પર

## આ માત્ર ટ્રેલર છે હજુ તો સંકલ્પ બાકી છે : મોદી

**પ્રજાને લૂંટનારા હવે યોગ્ય જગ્યા પર પહોંચી ગયા છે : આદિવાસી બાળકો માટે દેશભરમાં ૪૬૨ એકલવ્ય સ્કુલ શરૂ કરવાનું કામ જારી : ઉત્તરાખંડના રાંચીમાં કોંગ્રેસ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી તીવ્ર પ્રહારો**

રાંચી, તા.૧૨

ઝારખંડ વિધાનસભા ચૂંટણી પહેલા પાટનગર રાંચી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષી કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસનું નામ લીધા વગર કહ્યું હતું કે, જનતાને લૂંટનારાઓને યોગ્ય જગ્યાએ પહોંચાડવાનું કામ ચાલી રહ્યું છે. કેટલાક લોકો જેલમાં પણ પહોંચી ગયા છે. કેટલાક લોકોએ વિચારી લીધું છે કે, તે દેશના કાનૂન અને અદાલતોથી ઉપર છે. તે આજે કોર્ટથી જામીન મેળવવાની તરકીબો લગાવી રહ્યા છે. હજુ તો આ શરૂઆત છે પાંચ વર્ષ બાકી છે. હજુ તો આ ટ્રેલર છે. પ્રભાતતારા મેદાનમાં આયોજિત યોજનાઓના ઉદ્‌ઘાટન સમારોહમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, હજુ તો ખુબ જ સંકલ્પ બાકી છે. બહુ પરિશ્રમ પણ બાકી છે. પહેલી વખત એવું બન્યું છે કે, સંસદ સૌથી વધુ સમય સુધી ચાલી છે. સંસદના કામકાજનો શ્રેય તમામ સાંસદો, તમામ રાજનીતિક પાર્ટીઓ અને તેમના નેતાઓને જાય છે. તમામ સાંસદો અને દેશવાસીઓને આભાર માનું છું. પીએમ મોદીએ કહ્યું હતું કે, ચૂંટણી સમયે અમે વચન આપ્યું હતું કે, લોકોને કામદાર અને દમદાર સરકાર આપીશું.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**વિક્રમનો સંપર્ક કરવા ઇસરોની વ્હારે આવ્યુ નાસા**

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન ચંદ્રની સપાટી પર રહેલા લેન્ડર વિક્રમ સાથે ફરી સંપર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. લેન્ડર વિક્રમનો લેન્ડિંગ બાદ ઈસરો સાથે સંપર્ક તૂટી ગયો હતો. જો કે આ વચ્ચે દુનિયાની સૌથી મોટી અંતરિક્ષ એજન્સી નાસાએ ચંદ્ર પર રહેલા લેન્ડર વિક્રમ સાથે સંપર્ક સ્થાપિત કરવા 'હેલ્લો' નો સંદેશ મોકલ્યો છે.

**ઉબરની આર્થિક સ્થિતિ ખરાબ થતા ૪૩૫ કર્મચારીની છટણી કરી**

અમેરિકામાં વડું મથક ધરાવનારી ટેક્સી એગ્રીગેટર કંપની ઉબરની આર્થિક સ્થિતિ ખૂબ ખરાબ હોવાનું કહેવાય છે. કંપનીએ પોતાના પ્રોડક્ટ એન્ડ એંજિનિયરીંગ વિભાગના કર્મચારીઓની છટણી કરવા માંડી હોવાની માહિતી મળી હતી. આવા ઓછામાં ઓછા ૪૩૫ કર્મચારીની છટણી કરવામાં આવી હતી.

**ઇન્ડોનેશિયાના જંગલની આગનો ધુમાડો ૧.૫૦ હજાર કિમી દૂર સિંગાપુર પહોંચ્યો**

ઈન્ડોનેશિયાના જંગલમાં ભીષણ આગ લાગી છે. આ આગનો ધુમાડો ૧ હજાર ૧૫૦ કિલોમીટર દૂર સિંગાપુર સુધી પહોંચ્યો છે. આગના કારણે મેલેશિયાની સરકારે પણ દેશમાં ૫૦ લાખ માસ્ટ વહેચ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી સુમાત્રા અને કાલિમંતનના જંગલમાં ભીષણ આગ લાગી છે.

**મિડ લેવલ પર મોટા પાયે ભરતી કરાશે**

દેશમાં હાલમાં છવાયેલી આર્થિક મંદીની વચ્ચે હવે સારા સમાચાર મળી રહ્યા છે. રિક્રુટર્સ દ્વારા કરવામાં આવેલા એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આઈટી, સોફ્ટવેર, શિક્ષણ, આરોગ્ય સેવા, એફએમસીજી સહિત અન્ય કેટલાક ક્ષેત્રોમાં તેજી આવી શકે છે. સર્વેના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે.

## કાશ્મીરમાં મોટા કાવતરાનો પર્દાફાશ

**૩ આતંકવાદી ઝડપાયા : આતંકીઓ કાશ્મીર ખીણમાં મોટા હુમલાને અંજામ આપવાની તૈયારીમાં હતા : પોલીસે આતંકીઓ પાસેથી ૬ એકે-૪૭ રાઇફલ,હથિયાર-દારૂગોળાથી ભરેલી આખી ટ્રક જપ્ત કરી,આ આતંકીઓ પંજાબ જમ્મૂ-કાશ્મીર બોર્ડર નજીક લખનપુરથી ઝડપાયા**






શ્રીનગર,તા.૧૨

જમ્મુ-કાશ્મીર પોલીસ મોટા આતંકી હુમલાના ષડયંત્રને નિષ્ફળ બનાયો છે. પંજાબ જમ્મુ-કાશ્મીર બોર્ડર નજીક લખનપુરથી પોલીસે ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકીઓ પાસેથી પોલીસે ૬ એકે ૪૭ રાઈફલ જપ્ત કરી છે. એટલુ જ નહીં હથિયાર અને દારૂગોળાથી ભરેલી આખી ટ્રક જપ્ત કરી છે.

માનવામાં આવે છે કે, આ આતંકવાદીઓ કાશ્મીર ખીણમાં કોઈ મોટા હુમલાને અંજામ આપવાની ફિરાકમાં હતાં. એસએસપી કહુઆએ ટ્રક જપ્ત કરવાની સ્પષ્ટતા કરી છે.

કાશ્મીરમાંથી ૩૭૦ હટાવાતા ભુરાયુ થયેલુ પાકિસ્તાન દેશમાં આતંકી હુમલા કરવાની ફિરાકમાં છે. સરહદ સહિત અનેક રાજ્યોમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે જ જમ્મુ-કાશ્મીરના કહુઆમાં સુરક્ષા દળોએ હુમલાના મોટા કાવતરાને નિષ્ફળ બનાવતાં ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ પાસેથી ૬ એકે-૪૭ રાઈફલ સહિત ભારે માત્રામાં દારૂગોળો મળી આવ્યો છે. હથિયારોની આ ખેપ એક ટ્રકમાં લઈ જવામાં આવી રહી હતી. માનવામાં આવી રહ્યું છે કે, આતંકવાદીઓ કાશ્મીર ઘાટી માં કોઈ મોટા હુમલાને અંજામ આપવાની તૈયારીમાં છે.

સુરક્ષા દળોએ આતંકવાદીઓની પંજાબ-જમ્મુ-કાશ્મીર બોર્ડરના લખનપુરથી ધરપકડ કરી છે. એક ટ્રકમાં હથિયાર અને દારૂગોળો લઈ જવામાં આવી રહ્યો હોવાની સુરક્ષા દળોને સૂચના મળી હતી. આ સૂચનાના આધારે સુરક્ષા દળોએ વિસ્તારની ઘેરાબંધી કરી અને ટ્રકની સાથે ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરી લીધી.

● અનુસંધાન પાન-૭ પર

## કુલભૂષણને બીજી વખત કોન્સ્યુલર એક્સેસ આપવા પાકનો ઈન્કાર

ઈસ્લામાબાદ,તા.૧૨

પાકિસ્તાને ભારતના નાગરિક કુલભૂષણ જાધવને બીજી વખત રાજદ્વારી મદદ આપવાનો ઈનકાર કરી દીધો છે. પાક. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે કુલભૂષણને બીજી વખત કોન્સ્યુલર એક્સેસ આપવામાં નહીં આવે. આ વર્ષે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજે)ના ચુકાદા બાદ ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને પ્રથમ વખત રાજદ્વારી મદદ આપવામાં આવી હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આજે સાપ્તાહિક પ્રેસ વાતચીતમાં જણાવ્યું કે, 'પાકિસ્તાનની જેલમાં રહેલા ભારતીય જાસૂસ કુલભૂષણ જાધવને' બીજી વખત રાજદ્વારી મદદ નહીં આપવામાં આવે.'

## 'પોક' પર કોઇપણ સમયે પગલા લેવા તૈયાર : રાવત

**સેના પ્રમુખ બિપિન રાવત દ્વારા પાકને કડક સંદેશ : આ અંગે નિર્ણય સરકારને કરવાનો છે પરંતુ અમે નિર્દેશ આધારે કાર્યવાહી કરવા માટે તૈયાર છે : બિપિન રાવત**

અમેઠી, તા. ૧૨

જમ્મુ કાશ્મીરના વિશેષ દરજ્જાને ગયા મહિને નાબૂદ કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાન દ્વારા ભારત વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા દુષ્પ્રચાર અને ઉશ્કેરણીજનક નિવેદનો વચ્ચે સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે પ્રહાર કર્યા હતા.



પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને લઈને સેના પ્રમુખ રાવતે કહ્યું હતુ કે, સેના પીઓકેને લઈ કોઈપણ પ્રકારના અભિયાનને લઈને તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, સરકારના આદેશ પર સેના કોઈપણ કાર્યવાહી કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. પીએમઓમાં રાજયમંત્રી જિતેન્દ્રસિંહના પીઓકેને લઈને આપેલા નિવેદન અંગે બિપિન રાવતે કહ્યું હતું કે, આ અંગે નિર્ણય સરકારે કરવો છે. તેમણે કહ્યું હતું કે, અન્ય સંસ્થાઓ તો જે પ્રમાણે સરકાર કહેશે તેવી જ તૈયારીઓ કરશે. સેનાની તૈયારી અંગે પૂછવામાં આવતા બિપિન રાવતે કહ્યું હતું કે, સેના તો કોઈપણ સમયે કાર્યવાહી માટે તૈયાર જ રહે છે.

જનરલ રાવતે કહ્યું હતું કે, પીઓકે અંગે સરકારના નિવેદનથી ખુબ જ ખુશ છીએ. તેમણે કહ્યું હતું કે, આ અંગે નિર્ણય સરકાર કરશે પરંતુ અમે નિર્દેશના આધારે તૈયાર છીએ. આ પહેલા રક્ષામંત્રી રાજનાથસિંહે પણ પીઓકેને લઈ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનથી હવે કોઈપણ વાતચીત પોક અંગે કરવામાં આવશે નહીં. એટલું જ નહીં છઠ્ઠી ઓગસ્ટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ સંસદમાં ૩૭૦ પર વિપક્ષના સવાલોના જવાબ આપતા કહ્યું હતું કે, અમે જાન આપી દઈશું પરંતુ પોકને લઈને જ રહીશું.

## આર્થિક કટોકટીને સુધારવા નક્કર નીતિની જરૂર : રાહુલ

**પહેલા સ્વીકાર કરો કે અમારી સામે સમસ્યાઓ છે અને આનો સ્વીકાર કરવો જ સારી શરૂઆત રહેશે : રાહુલ**

નવીદિલ્હી,તા.૧૨

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અર્થવ્યવસ્થાની સ્થિતિ લઈને ગુરુવારે નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, આ સ્થિતિને વ્યવસ્થિત કરવા માટે દુષ્પ્રચારની નહીં પરંતુ મહત્વપૂર્ણ નીતિની જરૂર છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના સાક્ષાત્કારના હવાલા અંગે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પહેલા સરકારે સ્વીકાર કરવું જોઈએ કે, અર્થવ્યવસ્થાનો લઈનો ભારે સમસ્યા છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, આ સમયે દુષ્પ્રચાર, મનઘડંત સમાચારો અને યુવાઓ અંગે મૂર્ખતાપૂર્વકની વાત કરવાની જરૂર નથી પરંતુ ભારતને એક મહત્વપૂર્ણ નીતિની જરૂર દેખાઈ રહી છે જેથી અર્થવ્યવસ્થાની સ્થિતિને યોગ્યરીતે લાવી શકાય. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પહેલા સ્વીકાર કરો કે અમારી સામે સમસ્યા છે. આનો સ્વીકાર કરવો જ સારી શરૂઆત તરીકે રહેશે. તેમણે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના જે સાક્ષાત્કારનો હવાલો આપ્યો હતો તેમાં પૂર્વ વડાપ્રધાનને કહ્યું હતું કે, નોટબંધી

● અનુસંધાન પાન-૭ પર




